દિવ્ય ભાસ્કર અમદાવાદ 30-06-2026

# કામધેનુ યુનિવર્સિટી

[illegible]

[illegible]

## જાહેરાત ક્રમાંક:– ૦૧/૨૦૨૬

કામધેનુ યુનિવર્સિટીમાં બિન શૈક્ષણિક વહિવટી સંવર્ગ (વર્ગ – ૩) જુનિયર ક્લાર્કની નીચે દર્શાવેલ ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નિયત શૈક્ષણિક તથા અન્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ સંખ્યા | જગ્યાનું નામ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ |
|---|---|---|
| (૧) | જુનિયર ક્લાર્ક | ૧૦૧ |

જાહેરાત અંગે વિગતવાર માહિતી જેવીકે જાહેરાત, અરજી કરવાની પદ્ધતિ, અરજી ફીની જરૂરી વિગતો કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ www.kamdhenuuni.edu.in ઉપર તા. ૦૧/૦૭/૨૦૨૬ (સમય:-૧૧:00 કલાક) થી જોવા મળશે.

તા. ૩૦/૦૬/૨૦૨૬ માહિતી/ ૭૩૭ /૨૦૨૬-૨૭ કુલસચિવ

# સંદેશ

મંગળવાર, 30 જૂન 2026, નિજ જેઠ વદ એકમ


## કામધેનુ યુનિવર્સિટી

*અમારૂ ધ્યેય: સર્વ જીવોનું કલ્યાણ*

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

વિકસિત ભારત વિકસિત ગુજરાત

### જાહેરાત ક્રમાંક:– ૦૧/૨૦૨૬

કામધેનુ યુનિવર્સિટીમાં બિન શૈક્ષણિક વહિવટી સંવર્ગ (વર્ગ – ૩) જુનિયર ક્લાર્કની નીચે દર્શાવેલ ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નિયત શૈક્ષણિક તથા અન્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ સંખ્યા | જગ્યાનું નામ | કુલ ભરવાપાત્ર જગ્યાઓ |
|---|---|---|
| (૧) | જુનિયર ક્લાર્ક | ૧૦૧ |

જાહેરાત અંગે વિગતવાર માહિતી જેવીકે જાહેરાત, અરજી કરવાની પદ્ધતિ, અરજી ફીની જરૂરી વિગતો કામધેનુ યુનિવર્સિટીની વેબસાઇટ www.kamdhenuuni.edu.in ઉપર તા. ૦૧/૦૭/૨૦૨૬ (સમય:-૧૬:૦૦ કલાક) થી જોવા મળશે.

તા. ૩૦/૦૬/૨૦૨૬ (માહિતી/૭૩૭/૨૦૨૬-૨૭) કુલસચિવ

Click here to Apply Online --

https://registration.hostexam.net/?code=jck001

# કામધેનુ યુનિવર્સિટી

*અમારૂ ધ્યેય: સર્વ જીવોનું કલ્યાણ*

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

વિકસિત ભારત વિકસિત ગુજરાત

## જાહેરાત ક્રમાંક:- ૦૧/૨૦૨૬

કામધેનુ યુનિવર્સિટીમાં બિન શૈક્ષણિક વહિવટી સંવર્ગ (વર્ગ – ૩) જુનિયર કલાર્કની ખાલી જગ્યાઓ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર રૂા. ૨૬૦૦૦/- ત્યારબાદ પે લેવલ - ૨ (રૂા.૧૯૯૦૦ - ૬૩૨૦૦) સીધી ભરતીથી ભરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારો કામધેનુ યુનિવર્સિટીની વેબસાઇટ www.kamdhenuuni.edu.in પર તા.૦૧/૦૭/૨૦૨૬ (સમય:-૧૬:૦૦ કલાક) થી તા.૩૧/૦૭/૨૦૨૬ (સમય:- ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે.

## જુનિયર કલાર્ક વર્ગ– ૩ની વિગતવાર જગ્યાઓ

| જગ્યાઓની સંખ્યા | દરેક કક્ષા પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓની સંખ્યા | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલા માટે અનામત | | | | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | આર્થિક રીતે નબળા વર્ગો | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | આર્થિક રીતે નબળા વર્ગો | માજી સૈનિક | શા.ખો. ખા. |
| ૧૦૧ | ૪૩ | ૨૬ | ૦૭ | ૧૫ | ૧૦ | ૧૪ | ૦૯ | ૦૨ | ૦૫ | ૦૩ | ૧૦ | ૦૫ ['A'-2; 'B'-1; 'C'-1; "D' & 'E"-1] |

**ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી દિવ્યાંગજન ઉમેદવારો માટે નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે.**

| સંવર્ગનું નામ | A | B | C | D & E |
|---|---|---|---|---|
| જુનિયર કલાર્ક, વર્ગ- ૩ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy, | ASD(M), SLD, MI, MD |

**CATEGORY ABBREVIATIONS USED:**

B(Blind), LV (Low Vision, 40-70%), D (Deaf), HH (Hard of Hearing, 40-70%), OA (One Arm). BA (Both Arms), OL (One leg), BL (Both Legs). OAL (One Arm and One leg), CP (Cerebral Palsy), LC (Leprosy Cured), DW (Dwarfism). AAV (Acid Attack Victim). MDy (Muscular Dystrophy), ASD (Autism Spectrum Disorder) M- Mild Mod-Moderate. SLD (Specific Learning Disability), MI (Mental Illness), MD (Multiple Disabilities) Disabilities included in Group A to D & E.

| |
|---|
| અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજી પત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ www.kamdhenuuni.edu.in વેબસાઈટ પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે વેબસાઈટ અચૂક જોતા રહેવું. |

**(૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ**

| | |
|---|---|
| ૧.૧ | આ સમગ્ર જાહેરાત ઓનલાઈન અરજી કરતાં પહેલા ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે. |
| ૧.૨ | ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડખાંપણ (લાગુ પડતું હોય), માજી સૈનિક (લાગુ પડતું હોય તો), તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી "રદ્દ"થવા પાત્ર બને છે. વધુમાં, ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે જરૂરી વિગતો સાથે પ્રમાણપત્રો/દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. |
| ૧.3 | જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. અથવા ઇમેઈલ મારફત આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અને ઇમેઇલ અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર અને ઇમેઈલ આઇડી જાળવી રાખવું જરૂરી છે. જે ઉમેદવારના હિતમાં છે. |

**(૨) દિવ્યાંગજન ઉમેદવારો માટે:**

| | |
|---|---|
| ૨.૧ | કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,ગાંધીનગરના હુકમ ક્રમાંકઃ ACD/KPY/e-file/2/2024/1831/P3 તા.૨૯/૦૫/૨૦૨૪થી કામધેનુ યુનિવર્સિટી હસ્તકના વિવિધ સંવર્ગોમાં દિવ્યાંગજનો માટે જગ્યાઓ સુનિશ્ચિત (Identify) કરવા બાબતે થયેલ ઠરાવમાં કેટેગરી નક્કી થયા મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે. |
| ૨.૨ | દિવ્યાંગજન ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલ સુપ્રિટેન્ડન્ટ/સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રોને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં દસ વર્ષની છૂટછાટ મળશે તથા આરોગ્ય અને પરિવાર વિભાગના પરિપત્ર ક્રમાંક HFWD/MSM/e-file/7/2024/1833/A તા. ૧૫/૧૨/૨૦૨૫ના મુજબ સીધી ભરતીમાં દિવ્યાંગ ઉમેદવારો દ્વારા રજૂ કરવામાં આવતા દિવ્યાંગતા અંગેના પ્રમાણપત્ર બાબતેની જોગવાઈઓ અનુસરવાની રહેશે. |
| ૨.3 | દિવ્યાંગજન ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની દિવ્યાંગતાની ટકાવારી/વિગત દર્શાવવાની રહેશે. |

| | |
|---|---|
| ૨.૪ | દિવ્યાંગજન ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઈ/ગ-૨ ના ઠરાવની જોગવાઇ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટિફિકેટ ધરાવતા હશે તો જ દિવ્યાંગજન ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે. |
| **(૩) માજી સૈનિક ઉમેદવારો માટે:** | |
| ૩.૧ | માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થલની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |
| ૩.૨ | સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/ERE/e-file/ 2023/ 5258/G-2 ઠરાવ્યા મુજબ સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ ઉમેદવારી નોંધાવી શકશે. |
| **(૪) મહિલા ઉમેદવારો માટે:** | |
| ૪.૧ | સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર /૧૦૯૬ /૨૨૧૩ /ગ.૨ (ભાગ-૧) ની જોગવાઈઓ ધ્યાને લઈને મહિલાઓ માટે 33% અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. |
| ૪.૨ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના પરિપત્ર ક્રમાંક:- સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩ / ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)ના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે. |

| | |
|---|---|
| ૪.૩ | જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યા ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી ઉમેદવારો એ મેળવેલ માર્કસના મેરીટ્સને ધ્યાને લઈ કરવામાં આવે છે તેથી આવી જગ્યાઓ માટે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. |
| ૪.૪ | સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૮/૨૦૦૪ ના પરિપત્ર ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૯૯/ ૨૨૧૩ / ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂક સમયે પુનઃલગ્ન કરેલા ન હોવા જોઈએ અને તે અંગે યુનિવર્સિટી દ્વારા માગવામાં આવે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે. |

**(૫) નાગરિકત્વ:**

| | |
|---|---|
| | ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ -૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ. |

**(૬) વયમર્યાદા:**

| | |
|---|---|
| ૬.૧ | જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની વય આખરી ગણવામાં આવશે. |
| ૬.૨ | તારીખ **૩૧/૦૭/૨૦૨૬** ના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતોવખત સુધાર્યા પ્રમાણેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૨૬ના રાજ્યપત્ર ક્રમાંક: GS/2026/01/0125/K તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે. |

**(૭) વયમર્યાદામાં છૂટછાટ:**

| | |
|---|---|
| ૭.૧ | સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| ૭.૨ | અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં. |

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| **સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને** | **૫ વર્ષ** | - |
| **અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને** | **૫ વર્ષ** | - |
| **અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫ વર્ષ + ૫ વર્ષ = ૧૦ વર્ષ)** | **૧૦ વર્ષ** | **૪૫ વર્ષ** |
| **સામાન્ય કેટેગરીના દિવ્યાંગજન પુરૂષ ઉમેદવારોને (૧૦ વર્ષ)** | **૧૦ વર્ષ** | **૪૫ વર્ષ** |

KAMDHENU UNIVERSITY

| | | |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના દિવ્યાંગજન મહિલા ઉમેદવારોને (૧૦ વર્ષ + ૫ વર્ષ = ૧૫ વર્ષ) | ૧૫ વર્ષ | ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના દિવ્યાંગજન પુરૂષ ઉમેદવારો (૫ વર્ષ+૧૦ વર્ષ= ૧૫ વર્ષ) | ૧૫ વર્ષ | ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના દિવ્યાંગજન મહિલા ઉમેદવારો (૫ વર્ષ + ૧૦ વર્ષ +૫ વર્ષ= ૨૦ વર્ષ) | ૨૦ વર્ષ | ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

| | |
|---|---|
| ૭.૩ | માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઇએ નહીં. |
| ૭.૪ | કામધેનુ યુનિવર્સિટીના કર્મચારીઓ માટે મહત્તમ વયમર્યાદા સ્ટેચ્યુટ S-116ના નિયમ ૨૭.૩ મુજબ છૂટછાટ મળવાપાત્ર થશે. |
| ૭.૫ | અનામતના ધારા ધોરણો માટે નામદાર ગુજરાત સરકારશ્રીની વખતો વખતની અનામત નીતિ અનુસરવામાં આવશે. |

**(૮) શૈક્ષણિક લાયકાત:**

| | |
|---|---|
| ૮.૧ | ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ- ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે. |
| ૮.૨ | ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. |
| ૮.૩ | ઉમેદવાર ગુજરાતી અને હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે. |

**(૯) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ:**

| | |
|---|---|
| ૯.૧ | મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે. |
| ૯.૨ | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક આપવાની રહેશે. |

| | | |
|---|---|---|
| | ૯.૩ | ઉમેદવારે અરજીપત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય અથવા ખોટી દર્શાવેલ હશે તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકદાવો માન્ય રાખવામાં આવશે નહીં. |
| | ૯.૪ | અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી અપલોડ કરવાના રહેશે તથા યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી "રદ્દ" ગણવામાં આવશે. |
| | ૯.૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ નાણાકીય ૨૦૨૪-૨૫/ ૨૦૨૫-૨૬/૨૦૨૬-૨૭ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ **તા. ૦૧/૦૪/૨૦૨૪** થી અરજી સ્વીકારવાની છેલ્લી **તા. ૩૧/૦૭/૨૦૨૬** સુધીમાં મેળવેલુ હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી "રદ્દ" થશે. |
| | ૯.૬ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ -૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલેયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. જો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર કામધેનુ યુનિવર્સિટી દ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ નહીં હોય તો તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં. |
| | ૯.૭ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનો રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "રદ્દ" કરવામાં આવશે. |
| | ૯.૮ | ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન ક્રિમિલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે. નવુ પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહી. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી "રદ્દ" થશે. |

| | |
|---|---|
| ૯.૯ | જે સંવર્ગની જગ્યાઓમાં **EWS** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા **EWS** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં Annexure - KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ - ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર ત્રણ વર્ષ પહેલાની **તા. ૦૧/૦૮/૨૦૨૩ થી તા. ૩૧/૦૭/૨૦૨૬** ફોર્મ ભરવાની છેલ્લી તારીખ દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ બિન અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી અંગે તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહીં. |
| ૯.૧૦ | સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (એટલે કે વય મર્યાદા, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતા વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે. |
| ૯.૧૧ | ઉમેદવારે ઓનલાઈન અરજી પત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજી પત્રક કન્ફર્મ થયેથી જાતિ (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. |
| ૯.૧૨ | જો કોઈ ઉમેદવાર બિન અનામત સિવાયની કેટેગરીમાં અરજી કરે પરંતુ કામધેનુ યુનિવર્સિટી દ્વારા માગણી થયા બાદ પણ જરૂરી પ્રમાણપત્રો રજૂ કરી શકે નહીં તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઈ પણ છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાની મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ઉમેદવારને બિન અનામત ગણવામાં આવી શકે છે. પરંતુ કોઈપણ ઉમેદવાર જો બિન અનામત તરીકે અરજી કરશે તો તેની કેટેગરી અરજી ચકાસણી કે અન્ય કોઈ તબક્કે બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. |
| **(૧૦) કોમ્પ્યુટર ની જાણકારી:** | |
| | ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ |

KAMDHENU UNIVERSITY
सर्वभूतहिते रताः

| | |
|---|---|
| | કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં, તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ્દ" કરશે. |

**(૧૧) શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ:**

જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગના ઉમેદવારોના કિસ્સામાં શૈક્ષણિક લાયકાત,વયમર્યાદા, નૉન-ક્રિમિલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે **તારીખ: ૩૧/૦૭/૨૦૨૬** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**(૧૨) પગાર ધોરણ:**

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના તથા તા.૨૯/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ અને તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લે નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે રૂા. ૨૬૦૦૦/- નિયત ફિક્સ પગારથી નિમણૂક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮/03/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-3)/ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/ ૫૭/(પાર્ટ-૪)/ઝ.૧ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાની પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No. 14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે.

**(૧૩) અરજી ફીના દર:**

| ક્રમ | વિગત | અરજી ફીની રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | બિન અનામત વર્ગના પુરૂષ/મહિલા ઉમેદવારો માટે | રૂા. ૧૦૦૦/- + બેન્ક ટ્રાન્જેકશન ચાર્જીસ |
| ૨ | અનામત વર્ગના પુરૂષ/મહિલા ઉમેદવારો માટે (EWS/SC/ST/SEBC) | રૂા. ૫૦૦/- + બેન્ક ટ્રાન્જેકશન ચાર્જીસ |
| 3 | દિવ્યાંગજન ઉમેદવારો માટે | રૂા. ૫૦૦/- + બેન્ક ટ્રાન્જેકશન ચાર્જીસ |
| ૪ | માજી સૈનિક ઉમેદવારો માટે | શૂન્ય |

| | |
|---|---|
| ૧૩.૧ | ઓનલાઇન ફોર્મ તેમજ ઓનલાઈનના માધ્યમથી ફી ભરવાની વિગતવાર સૂચના **"USER MANUAL"** માં આપવામાં આવેલ છે. જે તે ઉમેદવારે ફોર્મ ભરતા પહેલા અચૂક જોઈ લેવી. |
| ૧૩.૨ | તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ભરવાની થાય છે. ઉમેદવાર જ્યારે કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ www.kamdhenuuni.edu.in પર પોતાની અરજી કરે ત્યારે તેઓને અરજી ફી ઓનલાઇન ભરવાની રહેશે. |
| ૧૩.3 | તમામ ઉમેદવારોએ ફી ભર્યા અંગેના આધારો પોતાની પાસે રાખવાના રહેશે. |
| ૧૩.૪ | અરજી ફી રોકડમાં, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર,પે ઓર્ડર કે અન્ય કોઈ સ્વરૂપે ફી સ્વીકારવામાં આવશે નહીં જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. |
| ૧૩.૫ | અરજી ફી નહીં ભરનાર ઉમેદવારોની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારોનું અરજી ફોર્મ કોઈપણ જાતની જાણ કર્યા વગર “રદ્દ” કરવામાં આવશે. |
| ૧૩.૬ | ઉમેદવાર દ્વારા અરજી ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળવા પાત્ર (રીફંડ) રહેશે નહીં. વધુમાં, યુનિવર્સિટી દ્વારા અરજી “રદ્દ” થયાના કિસ્સામાં પણ ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ અરજી ફી પરત મળવા પાત્ર (રીફંડ) રહેશે નહીં. |

**(૧૪) પરીક્ષા પદ્ધતિ:-**

| | |
|---|---|
| ૧૪.૧ | કામધેનુ યુનિવર્સિટી દ્વારા નિયત સમય મર્યાદામાં ઓનલાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ? અને અરજી ફી ભરેલ છે કે કેમ?) કરીને લાયક ઉમેદવારોની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક GS/2026/01/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં (પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા) સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. |
| ૧૪.૨ | **તબક્કો – ૧ : પ્રાથમિક પરીક્ષા** |

| Topic | Marks |
|---|---|
| Gujarati | 15 |
| English | 15 |
| General Awareness and Current Affairs | 30 |
| Quantitative Aptitude | 30 |
| Reasoning | 60 |
| **Total** | **150** |

**તબક્કો – ૨ : મુખ્ય પરીક્ષા**

| Topic | Marks |
|---|---|
| Indian State System and Constitution | 20 |
| Indian Economy, State Economy, NITI Aayog | 20 |
| Public Administration and Governance | 20 |
| Discipline and Ethics in Public Service | 10 |
| Information on various government Schemes | 30 |
| Regional, National and International Important Events including Current Affairs | 30 |
| History and Geography of Gujarat | 20 |
| Cultural Heritage of Gujarat (Art and Literature) | 10 |
| Gujarati and English | 20 |
| Science, Environment and Information Technology | 20 |
| **Total** | **200** |

| | |
|---|---|
| ૧૪.3 | પ્રાથમિક તથા મુખ્ય પરીક્ષા MCQ પ્રકારના બધા પ્રશ્નો ધરાવતી OMR અથવા CBRT પદ્ધતિથી લેવામાં આવશે. |
| ૧૪.૪ | પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણ અને પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે. જયારે મુખ્ય પરીક્ષા ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૨૦૦ ગુણ અને પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે. |
| ૧૪.૫ | પ્રશ્નના પ્રત્યેક ખાલી છોડેલ જવાબ અથવા ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે જે ઉમેદવારે મેળવેલ ગુણ માંથી બાદ કરવામાં આવશે. |
| ૧૪.૬ | પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા બંને તબક્કા માં અંગ્રેજી વિષય સિવાયના બધા વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. |
| ૧૪.૭ | દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે. |
| ૧૪.૮ | પ્રાથમિક પરીક્ષા ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૧૪.૯ | અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૪.૧૦ | પ્રાર્થમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે જેમાં મેરીટસના આધારે ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારો બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે. |
| ૧૪.૧૧ | મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે. |

**(૧૫) લઘુત્તમ લાયકી ધોરણ:-**

| | |
|---|---|
| ૧૫.૧ | પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. |
| ૧૫.૨ | મુખ્ય પરીક્ષા (તબ્બકો-૨)ને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકિશન માટે બોલાવવામાં આવશે. |

**(૧૬) અરજી કરવાની રીત:**

આ જાહેરાતના સંદર્ભમાં ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા **તા. ૦૧/૦૭/૨૦૨૬ (સમય ૧૬:૦૦ કલાક) થી તા. ૩૧/૦૭/૨૦૨૬ (સમય ૨૩:૫૯ કલાક)** દરમિયાન કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ www.kamdhenuuni.edu.in પર ઓનલાઇન અરજી પત્રક ભરી શકશે. એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં છેલ્લે કરેલ અરજી માન્ય ગણી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**(૧૭) ઉમેદવારે અરજી પત્રક ભરવા માટે:**

ઓનલાઇન અરજી પત્રક ભરવા માટેની વિગતવાર સૂચના "USER MANUAL"માં આપવામાં આવેલ છે. જે તે ઉમેદવારે ફોર્મ ભરતા પહેલા અચૂક જોઈ લેવી. ઉમેદવારોને ઓનલાઈન અરજી કરતી વખતે જો કોઈ મુશ્કેલી થાય તો તેનો સ્ક્રિન શોટ લઈ નીચે જણાવેલ ઈ-મેઈલ પર મોકલી આપવુ.

**નોંધ:-** જાહેરાત ક્રમાંક:- ૦૧/૨૦૨૬, સામેના સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત,વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધીત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો નીચે મુજબ સંપર્ક કરી શકાશે.

હેલ્પ નંબર:- **08595904407 ; 08062675657**

ઇમેઇલ:- support@registernow.in / aid.exams@gmail.com

KAMDHENU UNIVERSITY

**(૧૮) સામાન્ય શરતો/સુચનાઓ:**

| | |
|---|---|
| ૧૮.૧ | એથલેટીક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાયકલિંગ, જીમનેસ્ટીક્સ, જુડો, રાઇફલ શૂટિંગ, કબડ્ડી, ખો ખો, તિરંદાજી, ઘોડેસવારી, ગોળા ફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ હેન્ડ બોલની રમતો ખેલકૂદમાં (I) રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા (II) આંતર યુનિવર્સિટી (III) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારો એ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજી પત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજી પત્રકમાં વીગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે. |
| ૧૮.૨ | સમગ્ર ભરતી પ્રક્રિયા સંદર્ભે કામધેનુ યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ www.kamdhenuuni.edu.in પર અવાર નવાર જોતા રહેવું. |
| ૧૮.૩ | સમગ્ર ભરતી પ્રક્રિયા પુરી ન થાય ત્યાં સુધી આર.ટી.આઈ એક્ટ ૨૦૦૫ હેઠળ કોઈ પણ પ્રકારની માહિતી માગતી કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૧૮.૪ | **ના વાંધા પ્રમાણપત્ર (NOC):-** ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી /સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા કર્મચારીઓ કામધેનું યુનિવર્સિટીની જાહેરાતના સંદર્ભમાં અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા /કચેરીને અચૂક કરવાની રહેશે. |
| ૧૮.૫ | ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબક્કે "રદ્દ" ગણવામાં આવશે. |
| ૧૮.૬ | ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.) |

KAMDHENU UNIVERSITY સર્વભૂતહિતે રતા:

| | | |
|---|---|---|
| | ૧૮.૭ | યુનિવર્સિટી દ્વારા જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, અદયક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે,અથવા (ખ) (૧) યુનિવર્સિટી, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ "રદ્દ" થવાને પાત્ર બનશે. |
| | ૧૮.૮ | ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી યુનિવર્સિટી "રદ્દ" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણુકં, યુનિવર્સિટી /નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઇપણ તબક્કે "રદ્દ" કરવામાં આવશે. |
| | ૧૮.૯ | કામધેનુ યુનિવર્સિટી દ્વારા લેવાનાર પ્રાથમિક કે મુખ્ય પરીક્ષામાં ઉતિર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે. |
| | ૧૮.૧૦ | પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે. |

**૧૮.૧૧** ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

**૧૮.૧૨** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે “રદ” કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો કામધેનુ યુનિવર્સિટીનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**૧૮.૧૩** **અગત્યની તારીખો:**

| ક્રમ | વિગત | તારીખ | |
|---|---|---|---|
| | | ક્યાંથી | ક્યાં સુધી |
| ૧ | વેબસાઈટ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરવાની ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ અને ફી ભરવાની કાર્યવાહીની તારીખ | તા.૦૧/૦૭/૨૦૨૬<br>સમય: ૧૬:૦૦ કલાક | તા.૩૧/૦૭/૨૦૨૬<br>સમય: ૨૩:૫૯ કલાક |

**૧૮.૧૪** ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ અને ફી ભરવાની વિગતો કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ પર જોવા મળશે.

| | |
|---|---|
| **સ્થળ:-ગાંધીનગર**<br>**તા. ૦૧/૦૭/૨૦૨૬** | **કુલસચિવ**<br>**કામધેનુ યુનિવર્સિટી**<br>**ગાંધીનગર** |

--xxxxx--

Click here to Apply Online --
https://registration.hostexam.net/?code=jck001